# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ- મોટા ભાગના મુખ્ય રાજકીય પક્ષોએ ઉમેદવારો નામ જાહેર કર્યા.**
2) **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય માદકદ્રવ્યો સબંધિત ગૂનાઓને નેસ્તનાબૂદ કરવા માટે મક્કમ.**
3) **સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રો માટે તાઇવાનના ઉદ્યોગોમાંથી 1 હજાર કરોડ રૂપિયાથી વધુના વિદેશી સીધા પ્રસ્તાવિત મૂડીરોકાણઅંગે સમજૂતી કરાર થયા.**
4) **રાજ્ય પોલીસનાં 'ચેક' નામના નર ડૉગે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું.**
5) **રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ELECTION

રાજ્યમાં 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોની સામાન્ય તથા નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલી પેટા ચૂંટણીઓ 26 મી એપ્રિલે યોજાશે. તમામ બેઠકો પર ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે ત્યારે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના પક્ષોએ મોટા ભાગના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જ્યારે કેટલીક બેઠકો પર વધુ ઉમેદવારોએ દાવેદારી કરી હોવાથી આજે મોડી સાંજે કે પછી ઉમેદવારોને સીધો ફોન કરીને જાણ કરવામાં આવશે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અધ્યક્ષતાને પ્રદેશ ચુંટણી સમિતિની બેઠકમાં ચર્ચા થયા બાદ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ જિલ્લા પંચાયતના 34, કચ્છના 36, રાજકોટના 33 નામો જાહેર કર્યા છે. જ્યારે ગોંડલ તાલુકા પંચાયતના 22, જેતપુરના 20, લોધિકા, ધોરાજી, કોટડા, પડધરી તાલુકા પંચાયતના 16-16 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. રાજકોટ તાલુકા પંચાયતના 21 ઉપલેટાના 18, જામકંડોરણાના 16, જસદણના 22, વીંછીયાના 17 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે ગોંડલ નગરપાલિકાના 11 વોર્ડના 44, ગાંધીધામ મહાનગરપાલિકાના 13 વોર્ડના 50, વડોદરાના 19 વોર્ડના 76 ઉમેદવારના નામ જાહેર કર્યા છે. ભચાઉ તાલુકા પંચાયતના 20 , અંજારના 19, ભુજના 31, માંડવીના 20, નખત્રાણાના 16, અબડાસાના 18, રાપરના 24, મુંદ્રાના 18, લખપતના 16 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. તો માંડવી નગરપાલિકાના 9 વોર્ડના 36, ભુજ નગરપાલિકાના

11 વોર્ડના 42, અંજાર નગરપાલિકાના 9 વોર્ડમાં 36, મુંદ્રા બારોઈ નગરપાલિકાના 7 વોર્ડના 28, નખત્રાણા નગરપાલિકાના 7 વોર્ડના 28 ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

આ અગાઉ ભાજપે સુરેન્દ્રનગર, નડિયાદ, અરવલ્લી, નર્મદા, પાટણ, વડોદરા, ખેડા, છોટા ઉદેપુર, તાલુકા પંચાયતોની અને મહાનગરપાલિકાઓના કેટલાક બેઠકોના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. દરમિયાન ભાજપ, કોંગ્રેસ, આપ પક્ષના કેટલાક ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા છે. આવતીકાલે છેલ્લો દિવસ હોવાથી અને કેટલીક બેઠકો પર વધુ ઉમેદવારોએ દાવો કરતાં મોડી રાત સુધી બાકી બેઠકોના ઉમેદવારના નામ જાહેર થયા એવી શક્યતા છે.

# SECOND - SATURDAY

રાજ્ય ચૂંટણી આયોગે જણાવ્યું આવતીકાલે રજાના દિવસે પણ સંબંધિત ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીઓ નિયમિત રીતે ખુલ્લી રહેશે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી 26 એપ્રિલે યોજાનારી 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટેનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્રો સ્વીકારવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.

# ANAND-VIDHANSBHA

આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી અન્વયે ઇવીએમ-વીવીપેટ મશીનોનું ફસ્ર્ટ રેન્ડમાઈઝેશન EMS સોફ્ટવેર મારફત ઓબ્ઝર્વર તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરની ઉપસ્થિતિમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પારદર્શક રીતે કરવામાં આવ્યું હતું.

# INDIA SEMICONDUCTOR MISSION - MOU

રાજ્ય સરકારે ઈન્ડીયા સેમિકન્ડક્ટર મિશનના ઉદ્દેશો સાથે સંકલિત રહીને ગુજરાતને સેમિકન્ડક્ટર હબ બનાવવાની યાત્રાને વેગ આપતું મહત્વપૂર્ણ કદમ ભર્યું છે.

આ માટે સાણંદ-ધોલેરામાં ઈન્ડો તાઈવાન ઈન્ડસ્ટ્રીઅલ પાર્કનું નિર્માણ કરવામાં આવશે અને ખાસ કરીને સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રો માટે તાઇવાનના ઉદ્યોગોમાંથી 1 હજાર કરોડ રૂપિયાથી વધુના વિદેશી સીધા પ્રસ્તાવિત મૂડીરોકાણ - FDIનો અને પાંચ વર્ષના સમયગાળામાં લગભગ 12 હજાર સીધી રોજગારી મેળવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આ કરાર પર ભારતમાં તાઈવાન ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ અને એલિજિયન્સ ગૃપના ચેરમેન સીમોન લીના તથા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી સચિવ શ્રીમતી પી.ભારથીએ હસ્તાક્ષર કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે ચોઈસ ઓફ ડેસ્ટીનેશન તરીકે ઉભરી રહ્યું છે અને હાલ રાજ્યમાં 1.24 લાખ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ નિર્માણાધીન છે.

# AI BASED TOOL

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય માદકદ્રવ્યો સબંધિત ગૂનાઓને નેસ્તનાબૂદ કરવા માટે મક્કમ છે. આ સમગ્ર નેટવર્ક તોડી પાડવા માટે જે કંઇ પણ કરવુ પડે તે માટે અમે કટિબદ્ધ છીએ. ડ્રગ્સ સંબંધિત ગુનાઓની અસરકારક તપાસ થાય અને આરોપીઓ સામે અસરકારક કાનુની કાર્યવાહી થાય તે માટે અમે જરૂરી તમામ વ્યવસ્થા ઉભી કરી છે અને ટેકનોલોજીની મદદથી આ કાર્ય બધુ મજબૂત બનશે.

રાજ્યમાં માદકદ્રવ્યો સંબંધિત ગુનાઓ પ્રત્યે  શૂન્ય સહીસુણ્તા નીતિ અપનાવતા ગુજરાત પોલીસે 'NARIT AI' (Narcotics Analysis & RAG-based Investigation Tool) નામનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ટૂલ લોન્ચ કર્યું છે. આ પહેલનો હેતુ નાર્કોટિક્સ સંબંધિત તપાસને અસરકારક બનાવવાનો છે અને અદાલતમાં કેસ ચાલવા દરમિયાન કેસને વધુ મજબૂત બનાવી આરોપીઓને સજા અપાવવાનો છે. આ અંગે વધુ માહિતી આપે છે ગુજરાત રાજ્ય પોલીસ વડા શ્રી કે.એલ.એન. રાવ

**(BYTE : K.L.N. RAO)**

# MY YOUNG INDIA - GANDHINAGAR

માય યંગ ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026 - ગુજરાત ઝોન 10 નો ભવ્ય સમાપન કાર્યક્રમ આગામી 12 થી 13 એપ્રિલે ગાંધીનગરના ટાઉન હોલમાં યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી હાજરી આપશે અને તેમાં ગુજરાત, દીવ, દમણ અને દાદરા નગર હવેલીના યુવાનો ભાગ લેશે.

આ બે દિવસીય કાર્યક્રમ દેશભરના યુવા સહભાગીઓને એકસાથે લાવશે. શિક્ષણવિદો, ઉદ્યોગના નેતાઓ અને વિષય નિષ્ણાતો અંતિમ તબક્કામાં કેન્દ્રીય બજેટ 2026 સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરશે. દેશભરના 17 સ્થળોએ યોજાયેલા આ કાર્યક્રમમાં 15 હજારથી વધુ યુવાનો ભાગ લઈ રહ્યા છે.

આ અંગે વધુ માહિતી આપે છે માય ભારત ગુજરાત રાજ્યના નિર્દેશક સચિન શર્મા

(BYTE : SACHIN SHARMA)

# ARVALLI-QR CODE

અરવલ્લીમાં પંચાયત ચૂંટણીમાં ઉમેદવારોને સરળતા અને પારદર્શિતા પૂરી પાડતી એક અનોખી પહેલ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત કચેરી અને સંબંધિત સ્થળોએ QR કોડ આધારિત સ્કેનર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી જીલ આર ચાવતે જણાવ્યું છે કે ઉમેદવારોને માત્ર સ્કેન કરવું પડશે અને તરત જ તેમને ચૂંટણી આયોગની અધિકૃત વેબસાઇટ તથા કચેરીના નોટિસ બોર્ડ પર મૂકેલી તમામ મહત્વની માહિતી એક જ સ્થળે સરળ ભાષામાં ઉપલબ્ધ થઈ શકે છે.

# GUJARAT POLICE DOG

ગુજરાત પોલીસનાં 'ચેક' નામના નર ડૉગે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં મહારાષ્ટ્રનાં નાગપુર ખાતે યોજાયેલી 69મી ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ ચેમ્પિયનશિપ 2025–26માં બે અલગ-અલગ કક્ષામાં ગુજરાત પોલીસનાં ચેક ડોગે સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

ગુજરાત પોલીસ માટે આ ગૌરવની ક્ષણ છે, કારણ કે રાજ્યના પોલીસ ડોગે 16 વર્ષના અંતર પછી રાષ્ટ્રીય સ્તરની પોલીસ ડ્યુટી મીટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. આ અંગે વધુ માહિતી આપે છે પોલીસ ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડ

(BYTE : CHANDANSINH RATHOD)

આજે રાજ્યના પોલીસ વડા કેએલએન રાવે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં પોલીસ ડોગ 'ચેક', તેના હેન્ડલર રમેશ ખાંટ અને પોલીસ ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડને મળી આ નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે: મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાય તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઇ. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજથી રાજ્યમાં ગરમીનું જોર વધશે. દરિયા કિનારાના જિલ્લાઓમાં બફારો રહેશે. આ અંગે હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસે વધુ માહિતી આપી

**(BYTE : DIRECTOR A.K. DAS)**